सत्यमेव जयते

# નિયામક, વિકસતી જાતિ કલ્યાણ

બ્લોક નં. ૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
ફોન નં- ૦૭૯ ૨૩૨ ૫૩૨૪૫
E-Mail: dire-dcw@gujarat.gov.in

**પ્રતિ,**
**જિલ્લા નાયબ નિયામકશ્રી / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી,**
**વિકસતી જાતિ કલ્યાણ,**
**જિ...................... (તમામ)**

**વિષય:-** **વર્ષ:૨૦૨૫-૨૬ની વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટમેટ્રીક શિષ્ યોજનાઓનો અમલ Digital Gujarat Portal રી-ઓપ બાબત. (https://www.digitalgujarat.gov.in)**

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજ્ય સરકાર/ ભારત સરકારશ્રીની જુદી-જુદી યોજનાઓ અંતર્ગત લાભાર્થી/વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) મારફત ચુકવી શકાય તે હેતુથી રાજ્ય સરકારશ્રી દ્વારા Digital Gujarat Portal મારફત શૈક્ષણિક યોજનાનો અમલ કરવામાં આવે છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે જુદી જુદી રાજ્ય સરકાર/ભારત સરકારની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત વિકસતી જાતિના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ/સહાય મેળવવા માટેના ઓનલાઇન ફોર્મ ભરવા ડિજીટલ ગુજરાત પોર્ટલ તા.૧૭/૦૭/૨૦૨૫ થી તા.૩૦/૦૯/૨૦૨૫ સુધી ઓપન કરવામાં આવેલ છે.

ઉક્ત સમયગાળ દરમ્યાન પોષ્ટ મેટ્રીક યોજનાઓ અંતર્ગત પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ સહાય મેળવવા માટેના ઓનલાઇન ફોર્મ ભરવાનું ચુકી ગયેલ હોય કે ઓનલાઇન ફોર્મ સબમીટ કરવાનું ચુકી ગયેલ હોય તથા જે ઓનલાઇન ફોર્મ ક્વેરી માટે પરત મોકલવામાં આવેલ હોય તે ફોર્મ વિદ્યાર્થીએ શરતચુકથી ક્લોઝ કરી દિધેલ હોય તેવા વિદ્યાર્થીઓ, શાળા/કોલેજ/સંસ્થાઓની રજુઆત વિદ્યાર્થીઓ દ્વારા તેમજ જિલ્લા કચેરીઓ મારફતે અત્રેની કચેરીને મળેલ છે. જે ધ્યાને લઇ વિકસતી જાતિના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ/સહાય યોજનાઓના લાભથી વંચિત ન રહિ જાય તે હેતુસર **<u>તા.૧૦/૧૧/૨૦૨૫ થી તા.૧૦/૧૨/૨૦૨૫</u>** સુધી પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ/સહાય યોજનાઓ માટે ડિજીટલ ગુજરાત પોર્ટલ રી-ઓપન કરવામાં આવે છે.

આપના જિલ્લાઓની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓએ સદર બાબતે પરીપત્રથી જાણ કરવા જણાવવામા આવે છે. અત્રેની કચેરી દ્વારા અમલિત રાજ્ય સરકાર/ભારત સરકારની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત પાત્રતા ધરાવતા તમામ વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ/સહાયના લાભથી વંચિત ન રહિ જાય તેમજ તમામ વિદ્યાર્થીઓ ઉકત આખરી તારીખ પહેલા ઓનલાઇન અરજી કરી શકે તે માટે સોશિયલ મિડિયા તેમજ ઇલેક્ટ્રોનીક માધ્યમથી વધુમાં વધુ પ્રચાર-પ્રસાર થાય તે મુજબ જિલ્લા કક્ષાની અન્ય કચેરીઓ સાથે સંકલનમાં રહિને કામગીરી કરવાની રહેશે.

વધુમાં તમામ જિલ્લા અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને જણાવવાનું કે, અત્રેની કચેરી દ્વારા અમલિત રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ/સહાય યોજનાઓનો અંતર્ગત આપના જિલ્લાની સંબંધિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓ કક્ષાએ પડતર તમામ અરજીઓ જિલ્લા કક્ષાની કચેરીએ તાત્કાલીક મેળવીને મંજુર/નામંજુરની કાર્યવાહી કરી ચુકવવાપાત્ર તમામ અરજીઓને શિષ્યવૃત્તિ ચુકવવા જણાવવામા આવે છે.

**(ડૉ.વી.એસ.પટેલ)**
**સંયુક્ત નિયામક**
**વિકસતી જાતિ કલ્યાણ**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

**નકલ સવિનય રવાના:-**

1. અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
2. કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, બિરસા મુન્ડા ભવન,ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી સંકલન સારૂ
3. કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોકનં:૧૨/૨, જુના સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તેમજ આપના તાબા હેઠળની જિલ્લા કચેરીઓ/સંસ્થાઓને ઉક્ત કામગીરી સમયમર્યાદા પૂર્ણ થાય તે અંગે જરૂરી સૂચનાઓ આપવા ભ્રમ વિનંતી સહ.
4. કમિશ્નરશ્રી, આરોગ્ય અને તબીબી શિક્ષણ, બ્લોકનં:૫/૨, જુના સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તેમજ આપના તાબા હેઠળની જિલ્લા કચેરીઓ/સંસ્થાઓને ઉક્ત કામગીરી સમયમર્યાદા પૂર્ણ થાય તે અંગે જરૂરી સૂચનાઓ આપવા

નમ્ર વિનંતી સહ.

5. કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, જુના સચિવાલય, બ્લોક નં:૧૨/૨ ગાંધીનગર તરફ જાણ તેમજ આપના તાબા હેઠળની જિલ્લા કચેરીઓને ઉક્ત કામગીરી સમયમર્યાદા પૂર્ણ થાય તે અંગે જરૂરી સૂચનાઓ આપવા નમ્ર વિનંતી સહ.
6. નિયામકશ્રી, ટેકનિકલ એજ્યુકેશન, બ્લોકનં:૨/૬, કર્મયોગી ભવન, સેકટર-૧૦એ, ગાંધીનગર તરફ જાણ તેમજ આપના તાબા હેઠળની જિલ્લા કચેરીઓ/સંસ્થાઓને ઉક્ત કામગીરી સમયમર્યાદા પૂર્ણ થાય તે અંગે જરૂરી સૂચનાઓ આપવા નમ્ર વિનંતી સહ.
7. નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, બ્લોક નં:૪/૨,  જૂના સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી સંકલન સારૂ.
8. SIO, સ્ટેટ N.I.C. સેન્ટર, બ્લોક નં-૧૩/૨, નવા સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તેમજ ડિજિટલ ગુજરાત પોર્ટલની અત્રેના ખાતાની શિષ્યવૃત્તિ/સહાય યોજનાઓને સુચારૂ રીતે ઓનલાઇન કાર્યરત કરવા નમ્ર વિનંતી સહ.

Signature Not Verified
Signed by : Vithal S Patel
Joint Director
Directorate of Developing
Caste Welfare
Date : 2025.11.10 11:06:25 IST